
## હરિની દૃષ્ટિ... - હરિન ભટ્ટ




સાહેબ... સરકારમાંથી આ આપવામાં આવ્યું છે... જુઓને આને લોલીપોપ કહેવાય કે મીઠાઈ...!!

# ગુજરાતના વૈશ્વિક વિકાસના સંવાહક બનીએ : આનંદીબેન

### ગુજરાત સ્થાપના દિવસે રાજ્યના નાગરિકોને મુખ્યમંત્રીશ્રીનો પ્રજાજોગ પ્રેરક સંદેશ



મુખ્યમંત્રી શ્રીમતી આનંદીબહેન પટેલે ૫૬માં ગુજરાત સ્થાપના દિવસ અવસરે ગુજરાતના સૌ નાગરિક ભાઈ-બહેનોને શુભેચ્છાઓ આપતાં પ્રજાજોગ સંદેશમાં તેમણે જણાવ્યું છે કે, આપણું ગુજરાત, ગૌરવવંતુ ગુજરાત છપ્પનમાં વર્ષમાં પ્રવેશે છે.

ગુજરાતમાં વસતા, ગુજરાત બહાર સ્થાયી થયેલા અને વિશ્વભરમાં ગુજરાતની ગરિમા ઉન્નત કરનારા સૌ ગુજરાતીઓને મારી અને મારા મંત્રીમંડળની ગુજરાત ગૌરવ દિવસની હાર્દિક શુભેચ્છાઓ.

૧લી મે, ૧૯૬૦ના દિવસે ગુજરાતીઓ તરીકે, ગુજરાતના ભાગ્યનું નિર્માણ કરવાની એક યાત્રાનો આપણે આરંભ કર્યો.

મહાત્મા ગાંધી, સરદાર સાહેબ, સ્વામી દયાનંદ સરસ્વતી, શ્યામજી કૃષ્ણ વર્મા, પૂજ્ય રવિશંકર મહારાજ, ઈન્દુચાચા અગણિત એવા મહાપુરુષો અને મનિષિઓના આશીર્વાદ, અનેક સર્જકો-સાહત્યિકારોનું માર્ગદર્શન, લોકોનો અવિરત કઠોર પરિશ્રમ આ બધાની સફળ પરિપાટીએ આપણા ગુજરાતની સાડા પાંચ દાયકાની વિકાસયાત્રાની મંઝિલ આપણે પાર કરી છે.

આ સાડા ૬ કરોડ ગુજરાતીઓ એ કોઈ નારો નથી, જનશકિતનો મંત્ર છે. વિકાસનો મંત્ર છે. આ મંત્ર લઈને ગુજરાતે વૈશ્વિક વિકાસની દિશા પકડી છે.

આ યોજના હેઠળ રૂ. ૨ લાખ સુધીની સારવાર વિના મૂલ્યે પૂરી પાડવામાં આવે છે. ડાયાબિટીસ અને બ્લડ પ્રેશરના દદીઓને સરકારી હોસ્પિટલો દ્વારા આજીવન વિના મૂલ્યે દવાઓ પૂરી પાડવાનો નિર્ણય અમારી સરકારે કર્યો છે.

ફરી એકવાર, ગુજરાતના સૌ નાગરિક ભાઈ-બહેનો, વિશ્વભરમાં પથરાયેલા ગુર્જર બંધુ-ભગિનીઓ સૌને ગુજરાત ગૌરવ દિવસની અનેક અનેક શુભકામનાઓ પાઠવું છું. જય જય જય ગરવી ગુજરાત

# ગુજરાતના ૫૬મા સ્થાપના દિન નિમિત્તે રાજ્યપાલશ્રીએ રાજ્યના નાગરિકોને શુભેચ્છાઓ પાઠવી

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાત રાજ્યના ૫૬માં સ્થાપના દિન 'ગુજરાત ગૌરવ દિન-૨૦૧૬'ના અવસરે ગુજરાતના રાજ્યપાલ શ્રી ઓ.પી. કોહલીએ રાજ્યના તમામ નાગરિકોને હૃદયપૂર્વક શુભેચ્છાઓ પાઠવી છે.

રાજ્યપાલશ્રીએ તેમના શુભ સંદેશમાં જણાવ્યું છે કે ગુજરાતની ઉદ્યમશીલ અને ખંતીલી પ્રજાની અનેક વિશેષતાઓ રહી છે. આજે ગુજરાતે વિકાસના પ્રત્યેક ક્ષેત્રમાં દર્શનીય પ્રગતિ સાધી દેશમાં એક વિશિષ્ટ ઓળખ ઉભી કરી છે. ગુજરાતના વિકાસના મોડેલની સમગ્ર દેશમાં ભારે પ્રશંસા થઈ છે. ગુજરાતીઓના સરળ અને શાંતિપ્રિય સ્વભાવ તથા અદ્વિતીય વ્યવસાયિક કુશળતા અને સાહસિકતાએ વિશ્વના નકશામાં ગુજરાતનું નામ ઝગમગતુ કર્યું છે.

રાજ્યપાલશ્રીએ વિશ્વાસ વ્યક્ત કર્યો છે કે ગુજરાતની વણથંભી વિકાસ યાત્રામાં પ્રત્યેક નાગરિકનું બહુમૂલ્ય યોગદાન હંમેશા મળતું રહેશે અને રાજ્ય તેની પ્રગતિની સાથે સાથે દેશના વિકાસમાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા અદા કરતું રહેશે.



**દિલ્લી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા અનોખી પહેલ**

સામાજિક રીતે તથા આર્થિક રીતે વંચિત બાળકો માટે મોંઘાદાટ મલ્ટી પ્લેક્સમાં ચાલતા પિકચર જોવાનું ખૂબ મન હોવા છતાં દોહ્યલું બની જાય છે. ત્યારે તેઓ માત્ર નિરાશાભરી નજરે ફિલ્મના પોસ્ટરને દૂરથી નીરખી રહે છે. તેઓના નિર્દોષ અને નિરાશ ચહેરાઓ પર ઉલ્લાસ અને ઉત્સાહ લાવવાનું કામ દિલ્લી પબ્લિક સ્કૂલ, ગાંધીનગર દ્વારા કરવામાં આવ્યું. આવા બાળકોને 'અગોરા મોલ'માં 'ઉડી' જંગલ બુક દેખાડીને તથા ઈન્ટરવલમાં પોપકોર્ન પેપ્સીની મજા કરાવીને દૂર આભમાં દેખાતા ચાંદને થોડા સમય માટે તેમના ખોળામાં મૂકી દેવા જેવી લાગણી જન્માવી હતી. દિલ્લી પબ્લિક સ્કૂલ, ગાંધીનગરના આ અનોખા પ્રયાસને ખૂબ ખૂબ ધન્યવાદ...



**અહો વૈચિત્ર્યમ્..!!! સે. ૩૦ ખાતે બન્યું સે. ૨૪નું બસ સ્ટેન્ડ**

ગાંધીનગરના સે. ૩૦ ચાર રસ્તા એટલે કે સે. ૨૧-૩૦ની ચોકડીએ છેલ્લા ઘણા વર્ષોથી જરી પુરાણુ એસટી સ્ટેન્ડ જે લગભગ નામશેષ થઈ જવા પામ્યુ હતુ. આ કારણે આ વિસ્તારની મુસાફર જનતા જેમાં રોજના અપડાઉન કરતા નોકરિયાતો તથા વિદ્યાર્થીઓ સહિત નજીકના યાત્રાધામ અક્ષરધામની મુલાકાતે આવતા પ્રવાસીઓ તમામને ભારે અસુવિધાનો સામનો કરવો પડી રહ્યો હતો. આ વિસ્તારના સે. ૩૦, સે. ૨૦ તથા સે. ૨૧ના રહેવાસીઓ દ્વારા અહી બસસ્ટેન્ડ ફરીથી બનાવાય તે માટે ઘણા વર્ષોથી પ્રબળ માંગણી વ્યક્ત કરાતી હતી. અવારનવાર શહેરના અન્ય તમામ એસટી સ્ટેન્ડ રિનોવેટ કરાયા છતાં આ બસ સ્ટોપ પ્રત્યે જાણે 'અળખામણુ' હોય તેવો વ્યવહાર કરાઈ તેની ઉપેક્ષા કરાઈ હતી. હવે લાંબા સમય પછી ધારાસભ્યની ગ્રાન્ટમાંથી આ બસ સ્ટેન્ડ રિનોવેટ કરાયું છે. ત્યારે તંત્રની લાલિયાવાડીના પ્રતાપે તેને 'સે. ૨૪નું બસ સ્ટેન્ડ' તેવું નામ અપાયું છે. જેને કારણે આ વિસ્તારના રહીશોમાં ભારે અચરજ સાથે કુતુહલ વ્યાપ્યું છે. લાંબા સમયે બસ સ્ટેન્ડ રિનોવેટ થતા ખુશ થયેલા રહીશો બસ સ્ટેન્ડ જોઈ ફરી એકવાર ઉપેક્ષિત હોવાના અહેસાસ સાથે નિઃસાસા નાંખી રહ્યાં છે.




ભ્રષ્ટાચાર મુક્ત શાસનની મોટી મોટી વાતો કરનારા ભાજપના કુશાસન, ભ્રષ્ટાચાર અને ગેરવહીવટની વિગતો બહાર આવી રહી છે ત્યારે ભાજપના નરેન્દ્ર મોદીના શાસન દરમ્યાનના આ ગેરવહીવટ અને ભ્રષ્ટાચારના કૃત્યોને પ્રજા સુધી પહોંચાડવા અને પ્રજાને સાચી હકીકતથી વાકેફ કરવા માટે ગાંધીનગર જિલ્લા તેમજ શહેર-જિલ્લા કોંગ્રેસ સમિતિના સંયુક્ત ઉપક્રમે સત્યાગ્રહ છાવણી, સે. ૬ ગાંધીનગર ખાતે સૂત્રોચ્ચાર કરી ધરણા-દેખાવો યોજી કલેક્ટરને આવેદન પત્ર આપવામાં આવ્યું હતું.

## ખૂણે ખાંચરેથી...

● 'ચ'રોડ પર નાગરિક પુરવઠા નિગમની કચેરી નજીક ઓઈલ રોડ પર ઢોળાયેલુ હોવાથી ચારથી વધુ વાહન ચાલકો વાહન સાથે સ્લીપ થતાં રોડ પર ભીડ જમા થઈ ગઈ હતી. જો કે ગંભીર ઈજાઓ કોઈને થઈ ન હોવાનું જાણવા મળેલ છે.

● 'ચ' રોડ પર સીસીટીવી સર્વેલન્સ માટે ત્રણથી વધુ જંકશનો પર પેનલ બનાવી કેમેરા ફીટ કરવામાં આવી રહ્યા છે. આ માર્ગ પર સૌથી વધુ અકસ્માતો થાય છે.

● ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કર્મચારીઓની બઢતી બદલીની કવાયત હાથ ધરવામાં આવી છે.

● જાહેરમાં શૌચ નહિ કરવાની ૧૦ હજારથી વધુ લોકોને પ્રતિજ્ઞા લીધી હોવાની વાત મહાનગરપાલિકાની અખબારી યાદીમાં કહેવામાં આવી છે.

● મહેસુલ વિભાગ દ્વારા મહેસુલીતંત્રમાં બદલી-બઢતીની કવાયત હાથ ધરવામાં આવી છે.

● નવા સચિવાલયના બ્લોક નં. ૫ના ત્રીજા માળે ઉદ્યોગ વિભાગના સચિવે 'સજેન્સ બોર્ડ' મુક્યુ છે જેમાં સરખેજ-ગાંધીનગર મેટ્રો રેલ પ્રોજેક્ટ ઝડપથી અમલી બનાવવા તેમજ પેયજળની બચત માટેના સૂચનો મુલાકાતીઓએ લખ્યા છે.

● રાજ્યના સ્થાપના દિનની ઉજવણીને લઈ મંત્રીઓ-અધિકારીઓ તેમને ફાળવેલ વિસ્તારમાં જતાં આજે સચિવાલય સુમસામ લાગતુ હતુ.

# અનામતની નીતિની જાહેરાતથી કોંગ્રેસના નેતાઓને પેટમાં તેલ રેડાયું છે : ભરત પંડ્યા

ગાંધીનગર, તા. ૩૦

ગુજરાતની ભાજપા સરકારે ગઈકાલે ઐતિહાસિક નિર્ણય કરીને રાજ્યના બિન અનામત સમાજના આર્થિક ગરીબ પરિવારોને ૧૦ ટકા આર્થિક અનામત આપવાના જે નિર્ણયની જાહેરાત કરી છે જેને ગુજરાતની જનતાએ આવકાર આપ્યો છે તે જોઈને કોંગ્રેસના નેતાઓને પેટમાં તેલ રેડાયું છે. તેમ એક નિવેદનમાં ભાજપા પ્રદેશ પ્રવક્તા ભરત પંડ્યાએ જણાવ્યું છે.

પાટીદાર અનામત આંદોલન ઉપર રાજકીય રીતે સવાર થઈને રાજ્યમાં સત્તાના સપના જોનાર કોંગ્રેસને સરકારની જાહેરાતથી સપના ચકચૂર થઈ ગયાં છે. ગુજરાતમાં છેલ્લા ૨૦ વર્ષથી જનતાનો જનાધાર ગુમાવી બેસનાર કોંગ્રેસપક્ષ સત્તા માટે ફાંફા મારી રહ્યાં છે અને ડૂબતો માણસ તરવા માટે તરણું પકડે તેવા તેના હાલ છે.

ગુજરાતમાં કોંગ્રેસના શાસનમાં વર્ગ વિગ્રહ કરાવીને કોંગ્રેસે ક્યારેય સવર્ણ સમાજના આર્થિક રીતે નબળા લોકોના વિકાસની કોઈ વાત કરી નથી. આજે જ્યારે ભાજપા સરકારે દલિત, આદિવાસી અને બક્ષીપંચ અનામત યથાવત રાખીને અન્ય સમાજનાં આર્થિક રીતે પછાત અને નબળાં લોકોના શિક્ષણ માટે અને સરકારી નોકરીઓમાં ૧૦ ટકા અનામત આપવાની વાત કરી છે ત્યારે તેમાં વાંધા વચકા કાઢીને, આડકતરી રીતે અનામતનો વિરોધ કરીને કોંગ્રેસ ગુજરાતમાં આર્થિક રીતે પછાત વર્ગના તમામ સમાજ અને જ્ઞાતિઓનો તે વિરોધ કરી રહી છે.

'ગાંડી ડાહીને શિખામણ આપે' તેમ ભાજપાને સૂફીયાણી સલાહ આપનાર કોંગ્રેસના નેતાઓ ગુજરાતની જનતાને એ જણાવે છે કે કોંગ્રેસના શાસનવાળા અન્ય કયા રાજ્યોમાં સમાજના આર્થિક પછાત લોકો માટે અનામતની વાત કરી છે કે જાહેરાત કરી છે? પહેલાં તેનાં રાજ્યોમાં જાહેર કરે પછી ભાજપને સલાહ આપે.

# યુવતિને સળગાવી દેવાના કેસમાં ત્રણ મહીલાઓને આજીવન કેદની સજા

### માણસા તાલુકાના મકાખાડ ગામના કીસ્સો કોર્ટનો ઐતિહાસિક ચુકાદો

### જિલ્લામાં પ્રથમવાર મહીલા આરોપીઓને આજીવન કેદની સજા

ગાંધીનગર તા ૩૦

માણસા તાલુકાના મકાખાડ ગામમાં એક મહીલાને જીવતી સળગાવી દેવાના કેસમાં ગાંધીનગર કોર્ટે ત્રણ મહીલા આરોપીને આજીવન કેદની સજા ભોગવવા આદેશ કર્યો છે. જિલ્લામાં ત્રણ મહીલાઓને આજીવન કેદની સજાનો આદેશ કરવામાં આવ્યો હોય તેવો આ પ્રથમ કેસ છે.

આ કેસની પ્રાપ્ય વિગત અનુસાર તા ૨૮ જુન વર્ષ ૨૦૧૪ના રોજ માણસા તાલુકાના મકાખાડ ગામમાં રહેતા કલીબેન ઉર્ફે કૈલાસબેન અમૃતજી ઠાકોરને આરોપી બઈજીબેન પુંજાજી ઠાકોર, લંકાબેન વિક્રમજી ઠાકોર તેમજ મણીબેન મણાજી ઠાકોરે મરણ જનાર કલીબેનને જણાંવ્યુ હતુ કે છોકરાઓની કમાણી ખાઈ જાય છે.તેમ કહી માર મારી તેમના શરીર પર બઈજીબેને કેરોસીન છાંટી સળગાવી દીધા હતા. જયારે લંકાબેન અને મણીબેને તેમને પકડી રાખી ગુન્હો કર્યો હતો. આ મામલે માણસા પોલીસ મથકે ફરિયાદ નોંધાતા પોલીસે ગુન્હો નોંધી વધુ તપાસ હાથ ધરી હતી. આ કેસ એડીશ્નલ સેસન્સ કાર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પ્રિતેશ ડી વ્યાસે દલીલો કરી હતી. તેમણે કોર્ટ સમક્ષ દલીલમાં જણાંવ્યુ હતુ કે મરણજનાર યુવતિના નાના બાળકો હતા સમાજમાં દાખલો બેસે તે માટે આરોપીઓને સખત સજા થવી જોઈએ તેમ પણ તેમણે દલીલમાં જણાંવ્યુ હતુ. આ કેસમાં સરકારી વકીલે કોર્ટ સમક્ષ કુલ ૨૮ દસ્તાવેજી પુરાવાઓ રજુ કર્યા હતા. જયારે કોર્ટે ૨૯ સાક્ષીઓને તપાસ્યા હતા. ડોકટરની જુબાની, મરણજનારની સારવાર કરનાર ડોકટરની જુબાની અને દલીલોને ધ્યાને લઈ જજ વી બી બારોટે ત્રણેય મહીલા આરોપીઓને આજીવન કેદની સજા ભોગવવા હુકમ કર્યો છે. વધુમાં આરોપીઓને રૂ ૧ હજારનો દંડ ભોગવવા માટે પણ હુકમ કર્યો છે. જિલ્લામાં મહીલાઓને આજીવન કેદની સજા થઈ હોવાનો કીસ્સો છે.

# પેથાપુરમાં સીમકાર્ડનું રજીસ્ટર નિભાવણી ન કરનાર સામે કેસ

### સીમકાર્ડ વેચાણ કરતા વેપારી સામે ગુનો દાખલ

ગાંધીનગર, તા. ૩૦

પેથાપુર પોલીસે આજે બપોરના અરસામાં પેથાપુર સ્થિત ઉમીયા પાન પાર્લર ખાતે દરોડો પાડ્યો હતો. આ દુકાનમાં સીમકાર્ડ વેચાણ કરાતુ હતુ પરંતુ સીમ કાર્ડના વેચાણ માટે જરૂરી રજીસ્ટર નિભાવણી ન કરતા હોવાનુ ધ્યાને આવતા પેથાપુર પોલીસે દુકાનદાર રાજેશ અરવિંદભાઈ પટેલ સામે જિલ્લા કલેક્ટરના જાહેરનામા ભંગ બદલ ગુનો દાખલ કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## પક્ષાંતર ભંગ ● અનુસંધાન

છેલ્લાનું ચાલુ

એકાએક શ્રી શંકરભાઈએ વિકાસ કમિશનરને પક્ષાંતરની અરજી કરી તો બીજી તરફ પંચાયત સચિવના ચુકાદાને પણ ન્યાયની અદાલતમાં પડકારેલ છે.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં કોંગ્રેસ પક્ષે ૨૫ બેઠકો પર વિજય મેળવ્યો હતો પરંતુ એક સભ્ય ચાલુ સપ્તાહમાં જ બે થી વધુ સંતાનો ધરાવતા હોવાથી સભ્યપદ ગુમાવ્યું છે. હવે બળવાખોર ત્રણ સભ્યો સામે પક્ષાંતર ભંગની કાર્યવાહીની લટકતી તલવારે પ્રદેશ નેતાગીરીને ચોંકાવી દીધી છે.

સોમવારે પ્રદેશ નેતાઓ ગાંધીનગર આવી પક્ષના બધા સભ્યોને સાથે બેસાડી અને ઉકેલ લાવવાની કવાયત કરશે તેમ મનાઈ રહ્યું છે. જો કે હાલ તો જે રીતે આ રાજકારણ ગરમાયુ છે તે જોતાં મામલો થાળે ક્યારે પડશે તેને લઈ લોકજીભે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

જિલ્લા પંચાયતમાં સમિતિઓની રચનાથી લઈ ચેરમેનોની નિયુક્તીના પ્રશ્ને ઉભી થયેલી મડાગાંઠે જિલ્લા સંગઠ્ઠનને પણ ઉંઘતુ ઝડપ્યું છે તેમજ "સબ સલામત"ની પોકળતા છતી કરી છે.

## ગ્રામસભા અભિયાન ●

અનુસંધાન છેલ્લાનું ચાલુ

શકી હોવાના અહેવાલો બહાર આવી રહ્યા છે.

જિલ્લામાં ગ્રામસભા અભિયાનમાં હાજરી આપવા કેન્દ્રના અધિકારી આવ્યા હતા પરંતુ સ્થાનિક નેતાઓ આગેવાનો આનાથી દૂર રહ્યા હોવાની પણ લોકજીભે ચર્ચાઓ છે.

જિલ્લામાં ૩૦૨ ગામોમાં યોજાયેલ ગ્રામસભા અભિયાનમાં સૌથી વધુ પ્રશ્નો માણસા તાલુકામાં રજુ થયા હતા જ્યારે સૌથી ઓછા પ્રશ્નો ગાંધીનગર તાલુકામાં રજુ થયા હતા. માણસા તાલુકામાં ૧૮૫ પ્રશ્નો, કલોલમાં ૧૫૦ પ્રશ્નો, દહેગામમાં ૧૧૦ પ્રશ્નો અને ગાંધીનગરમાં ૭૭ પ્રશ્નો રજુ થયા હતા.

જે પ્રશ્નો વણઉકલ્યા રહ્યા છે તેમાં ગાંધીનગરના ૩૪, માણસાના ૧૩૮, કલોલના ૬૬ અને દહેગામના ૭ પ્રશ્નો મળી ૨૫૦ પ્રશ્નો પડતર રહ્યા છે.

## કાળઝાળ ગરમી ● અનુસંધાન

પહેલાનું ચાલુ

રાજ્યોમાં જ મોતનો આંકડો હિટવેવના કારણે ૧૫૦થી ઉપર રહ્યો છે. આ ઉપરાંત કેરળમાં હિટવેવના કારણે એકનું મોત થયું છે. પશ્ચિમ બંગાળમાં બંકુરા ખાતે તાપમાન ૪૫.૧ સુધી પહોંચ્યું છે. દેશના જે ભાગોમાં કાળઝાળ ગરમી પડી રહી છે તેમાં ઓરિસ્સા, રાજસ્થાન, પંજાબ, હરિયાણા અને અન્ય ભાગોનો સમાવેશ થાય છે. કેટલાક ભાગોમાં તો પારો ૪૪થી પણ ઉપર પહોંચી ગયો છે. ભારતના વિવિધ ભાગોમં હિટવેવના કારણે ઓરિસ્સા અને તેલંગણામાં વધુ સાત લોકોના મોત થઈ ગયા છે. જ્યારે બીજી બાજુ આસામ અને અરૂણાચલ પ્રદેશમાં વાવાઝોડુ ફુંકાયુ છે. ભુવનેશ્વરથી પ્રાપ્ત અહેવાલ મુજબ વધુ એક વ્યક્તિનુ મોત સંબલપુર જિલ્લામાં થયુ છે. જેથી મોતનો આંકડો વધીને એકલા ઓરિસ્સામાં ૧૦ ઉપર પહોંચી ગયો છે. વિવિધ વિસ્તારોમાં પારો ૪૪ સુધી પહોંચી ગયો છે.

## રેલવે યાત્રીઓ ● અનુસંધાન

પહેલાનું ચાલુ

સુવિધાના બદલે રેલવે યાત્રીને પોતાના ખિસ્સા હળવા કરવા પડશે. ફોન કરવા પર મહાનગરોમાં પ્રતિ મિનિટ ૧.૨૦ રૂપિયા અને અન્ય શહેરોં બે રૂપિયા પ્રતિ મિનિટના દરે ચુકવણી કરવાની ફરજ પડશે. બીજી બાજુ ૧૩૯ પર બે એસએમએસ પર છ રૂપિયાની ચુકવણી કરવી પડશે. યાત્રીઓને આ બાબતનુ ખાસ ધ્યાન રાખવુ પડશે કે ફોન અથવા તો એસએમએસ પર ટિકિટ રદ કરવાની સુવિધા એજ વખતે મળશે જ્યારે રિઝર્વેશન ફોર્મ ભરતી વેળા પોતાના મોબાઈલ ફોનનો ઉલ્લેખ કરવામાં આવશે. ૧૩૯ પર ફોન કરવા અને એસએસમએસ કરવા માટે એજ મોબાઈલ નંબરનો ઉપયોગ કરવો પડશે. ટિકિટ રદ કરવા માટે યાત્રીને ૧૩૯ નંબર પર ફોન કરવો પડશે.




# ગાડીમાં પેસેન્જર તરીકે બેસાડી સુટકેસમાંથી ૨.૯૩ લાખ સેરવી લેવાયા

### રીક્ષાગેંગ હવે અપગ્રેડ થઈ : સફેદ સફારીમાં નરોડાથી મુસાફરને બેસાડ્યા અને મોટા ચિલોડા ઉતાર્યા : ૨.૮૩ લાખના દાગીના અને ૧૦ હજાર રોકડા સુટકેશમાં હતા

ગાંધીનગર, તા. ૩૦

અમદાવાદ ઘોડાસર વિસ્તારના એક યુવાન નરોડાથી સફેદ સફારી ગાડીમાં પેસેન્જર તરીકે મોટા ચિલોડા આવવા બેઠા હતા. મોટા ચિલોડા આવ્યા બાદ તેમણે પોતાની પાસેથી સુટકેસ ચેક કરી તો અંદર મુકેલા દાગીના તથા રોકડા રૂપિયા ગાયબ હતા. અપગ્રેડ થયેલી રીક્ષાગેંગ હવે ગાડીમાં મુસાફરોની નજર ચુકવીને કિંમતી માલમત્તા સેરવતી થઈ ગઈ છે. રૂ. ૨.૮૩ લાખના દાગીના તથા રોકડ રૂ. ૧૦ હજાર મળી કુલ રૂ. ૨.૯૩ લાખની મત્તા સેરવી લેનાર ગેંગ સામે મુસાફરે ચિલોડા પોલીસ સ્ટેશનમાં ફરીયાદ આપી છે. પી.આઈ. એલ.ડી. વાઘેલાએ ગુનો દાખલ કરીને ગુનાની ઊંડી તપાસ શરૂ કરી છે.

મળતી માહિતી મુજબ અમદાવાદ ઘોડાસર વિસ્તારમાં રહેતા પ્રકાશચંદ્ર કોદરલાલ કલાલ ૨૧ એપ્રિલે ૧૦ થી ૧૧.૩૦ વાગ્યાના અરસામાં નરોડાથી મોટા ચિલોડા આવવા નિકળ્યા હતા. નરોડાથી સફેદ કલરની સફારી ગાડીમાં પેસેન્જર તરીકે તેઓ બેઠા હતા. તે દરમ્યાન તેમની પાસે સુટકેશ હતી. તેમાં રૂ. ૨.૮૩,૫૦૦ની કિંમતના દાગીના તથા રૂ. ૧૦ હજાર રોકડા મુકેલા હતા. મોટા ચિલોડા પહોંચ્યા બાદ તેમણે સુટકેશ જોઈ તો અંદર મુકેલા દાગીના તથા રોકડ રકમ ગાયબ થઈ ગયા હતા. પેસેન્જર તરીકે બેસાડીને ગાડીમાં બેસેલી ગેંગે પ્રકાશચંદ્રની નજર ચુકવીને સુટકેશ ખોલી તેમાંથી દાગીના તથા રોકડ મળીને કુલ રૂ. ૨,૯૩,૫૦૦ની મત્તાની ઉઠાંતરી કરી લીધી હતી. ચિલોડા પોલીસ સ્ટેશનમાં આ બનાવ અંગે ફરીયાદ આપતા ગુનો નોંધી પી.આઈ.એ વધુ તપાસ આરંભી છે.

# રાત્રે ઘર આંગણે સુતેલી વૃદ્ધાના કાન કાપી ચાંદીની વાળીની લુંટ

શિહોલી મોટી ગામમાં ગઈ રાત્રે તસ્કરો ત્રાટક્યા હતા. ઘર આંગણે રાત્રે સુઈ ગયેલી વૃદ્ધા ધુળીબેન શનાજી ઠાકોરના ખાટલા નજીક તસ્કરો પહોંચી ગયા હતા અને કાન કાપીન કાનમાં પહેરેલી ચાંદીની રૂ. ૧ હજારની કિંમતની વાળીની લુંટ ચલાવી લુંટારૂ ફરાર થઈ ગયા હતા. રાત્રે સવા બે વાગ્યાના અરસામાં બનેલી આ ઘટનાથી ગામમાં હાહાકાર મચી જવા પામ્યો હતો. ધુળીબેનને ઘાયલ હાલતમાં સારવાર અર્થે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ લઈ જવાયા હતા. ચિલોડા પોલીસે ધુળીબેનની ફરીયાદ લઈ તપાસ શરૂ કરી છે.